જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૯૨૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૨,૬૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૨૭/૧૭**

**વટવા** : હર્ષીલભાઇ મહેન્દ્રભાઇ પટેલ (રહે,કૃષ્ણધામ સોસાયટી, સુજન કોમ્પ્લેક્ષની સામે નારોલ ગામ, નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૧૭ રાતનાં ૯/૩૦ થી તા.૨૨/૯/૧૭ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ અસલાલી હાઈવે, કૃષ્ણવીલા કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ પોતાની ઓમ કોમ્યુનીકેશન નામની દુકાનનાં શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીના નવા તેમજ રીપેરીંગ માટે આવેલ અલગ-અલગ કંપનીનાં મોબાઇલ ફોન મળી કુલ નંગ-૪૩, જે કુલ કિંમત રૂપિયા ૭૬,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી નારોલ ચોકી નાઓ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૨૮/૧૭**

**નરોડા** : સુર્યાબેન વા/ઓ ભરતસિહ ચૌહાણ (ઉ.વ.૪૫)(રહે,દાસની ચાલી એક્સાઇઝ ચોકીની પાસે સૈજપુર નરોડા રોડ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૧૭ રાતનાં ૯/૪૫ વાગ્યાનાં સુમારે સૈજપુર ટાવર પાસે, મલખાનની ચાલી આગળ રોડ ઉપર થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) સુર્યાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**મણીનગર** : હરેન્દ્રભાઇ મનવંતરાય દિક્ષીત (ઉ.વ.૬૯)(રહે,ચંદ્રલોક સોસાયટી, કેડીલા રોડ, ઘોડાસર, ઈસનપુર) એ તા.૨૨/૯/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૧૭ રાતનાં ૮/૧૫ વાગ્યાનાં સુમારે પ્રભુકુંજ સોસાયટી પાસે રોડ ઉપરથી પોતાની પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) હરેન્દ્રભાઇની પત્ની નાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૨૯/૧૭**

**મણીનગર** : જમીલઅકતર જમાલુદીન શેખ (ઉ.વ.૪૭)(રહે,ન્યુ ફેસલનગર, મનુભાઈ કિરાણાની ગલી, દાણીલીમડા) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૧૭ બપોરના ૪/૧૫ વાગ્યાનાં સુમારે કાંકરિયા ગેટ નં-૨ પાસે, ગ્રાઉન્ડમાં પોતાની ઓટોરિક્ષા નંબર જીજે.૨૭.યુ. ૬૦૫૨ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી સાંજનાં ૬/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આઈ.રબારી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૩૦/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : નરેન્દ્રસિંગ મોહનસિગ પંજાબી (ઉ.વ.૩૨)(રહે,રમેશદતની કોલોની સરદારનગર) એ પોતાને છેલ્લા પાંચેક વર્ષથી માનસિક બીમારી હોઇ, તા.૨૨/૦૯/૧૭ ના કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ઇન્દીરાબ્રીજ નીચે પીલ્લર નંબર-૨ પાસે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી જસવંતભાઇ વિરમાજી ચલાવે છે.

**દાણીલીમડા** : યોગેશભાઇ જીવાભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે,જનકલ્યાણ સોસાયટી દુધવાળી ચાલીની સામે બહેરામપુરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૨/૦૯/૧૭ રાતના ૯/૫૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે **છતના હુક માં દુપટ્ટો બાંધી** ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી **પ્રધાનજી ખેંગારજી** ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.